SHABDBRAHM
E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# ભારતના વિલીનીકરણમાં સરદાર પટેલનો ઐતિહાસિક ફાળો

**પરમાર દક્ષાબેન મુકેશભાઈ**
**એડહોક અધ્યાપક**
**શ્રી.આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ,પેટલાદ**

સારાંશ :

ભારતને ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ,ત્યારે દેશ એકતાનું સ્વરૂપ ધારણ કરી શક્યો નહતો. બ્રિટિશ શાસન અંતે ૫૬૨ દેશી રજવાડાઓ રાજકીય રીતે સ્વતંત્ર બન્યા હતા. આ રાજ્યોને ભારત સાથે વિલીન કરાવવા માટે મજબૂત, કૂટનીતિક,દ્રઢ અને વ્યવહારૂ નેતૃત્વની જરૂર હતી. સરદાર વલ્લભભાઈ પટેલે ગૃહ પ્રધાન તરીકે આ જવાબદારી સ્વીકારી અને અલૌકિક પ્રશાસકીય ક્ષમતા,રાજદ્રરંદેશી અને રાજકીય ઈચ્છાશક્તિ દ્વારા લગભગ સમગ્ર દેશને એકીકૃત કરવામાં સફળતા મેળવી.વી. પી. મેનનની વહીવટી કુશળતા અને સ્થિતિ વાંચવાની ક્ષમતાએ આ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવી. હૈદરાબાદ,જુનાગઢ અને કાશ્મીર જેવા સંવેદનશીલ અને રાજકીય રીતે કઠિન પ્રદેશોના વિલીનીકરણ દ્વારા સરદાર પટેલે રાષ્ટ્રની આંતરિક સુરક્ષા,અખંડિતતા અને ભૌગોલિક એકતાને મજબૂત કરી. આ રિસર્ચ પેપરનું મુખ્ય ધ્યેય ભારતના વિલીકરણ પ્રક્રિયામાં સરદાર પટેલની ભૂમિકા, તેમની નીતિ, કૌશલ, વાટાઘાટ શક્તિ, મહત્વના રાજ્યોને કેશ અભ્યાસ અને રાષ્ટ્રીય એકતા નિર્માણ પર તેની દીર્ઘકાલીન અસરનું વિશ્લેષણ છે.

- ચાવીરૂપ શબ્દો : સરદાર પટેલ, ભારતનું વિલીનિકરણ ,રાજકીય એકીકરણ, રાષ્ટ્ર નિર્માણ, એકતા, રજવાડા, વી.પી.મેનન, જુનાગઢ, હૈદરાબાદ,કાશ્મીર

- પરિચય :

સરદારને “રાષ્ટ્રીય નેતા” માંથી “રાષ્ટ્રના ઘડવૈયા” બનાવનાર ઘટનાક્રમ એટલે દેશી રાજ્યોનું આઝાદ ભારતમાં વિલીનીકરણ.૧૯૪૭ નું ભારત રાજકીય રીતે વિખૂટું, સામાજિક રીતે વિભક્ત અને આર્થિક રીતે નબળું હતું. અંગ્રેજો દ્વારા બનાવેલ રાજવાડાંઓનું તંત્ર દેશની એકતા માટે સૌથી મોટો પડકાર હતો. બ્રિટિશ ભારત બે ભાગોમાં વહેંચાયેલું હતું -૧. સીધા બ્રિટિશ શાસન હેઠળનો

SHABDBRAHM

પ્રાંત અને ૨. દેશી રાજાઓ દ્વારા શાસિત ૫૬૨ રજવાડાં. જેમાંથી ઘણા મોટા અને શક્તિશાળી રાજ્યો પોતાને સ્વતંત્ર રાખવાની અને અન્ય રાષ્ટ્ર સાથે જોડાવાની ઈચ્છા ધરાવતા હતા.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

1. બ્રિટિશ શાસનનો અંત અને રાજકીય ખાલીપો :

બ્રિટિશ શાસન દરમિયાન ભારતના દેશી રજવાડાંઓ બ્રિટિશ સુઝરેનિટી હેઠળ હતા. બ્રિટિશ સરકાર રજવાડાંઓની વિદેશ નીતિ, રક્ષા અને સંચાર પર નિયંત્રણ રાખતી હતી, જ્યારે આંતરિક શાસન રાજાઓ પાસે હતું. 1947માં સ્વતંત્રતા મળતાં જ બ્રિટિશ શાસન સમાપ્ત થયું અને તેની સાથે જ રજવાડાઓ પરની સુઝરેનિટી પણ ખતમ થઈ. પરિણામે રજવાડાંઓ સ્વતંત્ર બન્યા અને તેમને ભારત, પાકિસ્તાન અથવા સ્વતંત્ર રહેવાનો વિકલ્પ મળ્યો. આ રાજકીય ખાલીપાએ ભારતની એકતા અને અખંડિતતા માટે ગંભીર જોખમ ઊભું કર્યું, જેના ઉકેલ માટે દૃઢ નેતૃત્વ જરૂરી બન્યું.

2. માઉન્ટબેટન યોજના(૧૯૪૭) :

1947ની માઉન્ટબેટન યોજનાએ બ્રિટિશ ભારતને ભારત અને પાકિસ્તાન એમ બે રાષ્ટ્રોમાં વહેંચવાનો નિર્ણય કર્યો. આ યોજનામાં દેશી રજવાડાઓને પોતાના ભવિષ્ય અંગે નિર્ણય લેવાનો અધિકાર આપવામાં આવ્યો. તેઓ ભારત અથવા પાકિસ્તાનમાં જોડાઈ શકતા અથવા સ્વતંત્ર રહી શકતા હતા. આ જોગવાઈએ ભારત માટે મોટું જોખમ ઊભું કર્યું, કારણ કે મોટા અને શક્તિશાળી રજવાડાઓ જો સ્વતંત્ર બનતા તો ભારત નાના-નાના ટુકડાઓમાં વહેંચાઈ જતું. આ પરિસ્થિતિએ વિલીનીકરણને ભારત માટે આવશ્યક અને તાત્કાલિક કાર્ય બનાવ્યું

3. રજવાડાઓની સંખ્યા અને પ્રકાર :

સ્વતંત્રતા સમયે ભારતમાં આશરે 562 દેશી રજવાડાંઓ હતાં. આ રજવાડાંઓ કદ, વસ્તી અને શક્તિની દ્રષ્ટિએ અત્યંત અસમાન હતાં. હૈદરાબાદ, કાશ્મીર, જુનાગઢ અને ભોપાલ જેવા મોટા રજવાડાંઓ રાજકીય રીતે મહત્વના હતાં. જ્યારે સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય ભારત વિસ્તારમાં અનેક નાના રજવાડાંઓ ફેલાયેલા હતાં. આ રજવાડાંઓ ભારતના ભૂગોળમાં વચ્ચે-વચ્ચે સ્થિત

SHABDBRAHM

હોવાથી જો તેઓ વિલીન ન થાય તો રાષ્ટ્રીય એકતા અશક્ય બનતી. તેથી તમામ રજવાડાંઓનું એકીકરણ ભારતના અસ્તિત્વ માટે અનિવાર્ય હતું.

4. રાજાઓની માનસિકતા અને લોકશાહીનો :

ઘણા દેશી રાજાઓ સ્વતંત્રતા પછી પોતાની રાજકીય સત્તા જાળવી રાખવા ઈચ્છતા હતા. લોકશાહી અને જનસત્તાના સિદ્ધાંતો તેમને સ્વીકાર્ય નહોતા. કેટલાક રાજાઓને ભય હતો કે ભારતમાં જોડાવાથી તેમની વિશેષાધિકાર, આવક અને સત્તા ખોવાઈ જશે. બીજી તરફ, રજવાડાંઓની જનતા ભારત સાથે જોડાવા અને લોકશાહી શાસન મેળવવા ઇચ્છતી હતી. રાજાઓ અને જનતા વચ્ચેનો આ તણાવ વિલીનીકરણની પ્રક્રિયાને વધુ જટિલ બનાવતો હતો. તેથી રાજકીય સમજણ અને દૃઢતા દ્વારા રાજાઓને મનાવવું જરૂરી બન્યું.

સરદાર પટેલનું નેતૃત્વ અને વ્યૂહરચના :

1. વ્યવહારુ અને દૃઢ નેતૃત્વ :

સરદાર વલ્લભભાઈ પટેલનું નેતૃત્વ ભાવનાત્મક કરતાં વધુ વ્યવહારુ અને પરિણામલક્ષી હતું. તેમણે રાષ્ટ્રની એકતાને સર્વોચ્ચ સ્થાન આપ્યું અને વ્યક્તિગત લાગણીઓ કે રાજકીય લોકપ્રિયતાને મહત્વ આપ્યું નહીં. તેઓ પરિસ્થિતિનું વાસ્તવિક મૂલ્યાંકન કરીને ઝડપી નિર્ણય લેતા હતા. રજવાડાઓના પ્રશ્નમાં તેઓ સ્પષ્ટ હતા કે સ્વતંત્રતા કે વિખંડન ભારત માટે વિનાશક સાબિત થશે. તેમની દૃઢતા અને સ્પષ્ટ વલણથી રાજાઓને સંદેશો મળ્યો કે રાષ્ટ્રીય હિત સામે કોઈ સમજૂતી શક્ય નથી. આ વ્યવહારુ નેતૃત્વે વિલીનીકરણની પ્રક્રિયાને ગતિ આપી.

2. Instrument of Accession – કાનૂની વ્યૂહરચના :

રજવાડાંઓને ભારત સાથે જોડવા માટે સરદાર પટેલે કાનૂની માર્ગ અપનાવ્યો. “Instrument of Accession” નામના દસ્તાવેજ દ્વારા રજવાડાઓને ભારત સંઘમાં જોડાવાની સ્પષ્ટ અને કાનૂની વ્યવસ્થા બનાવાઈ. આ દસ્તાવેજ મુજબ રજવાડાંઓએ રક્ષા, વિદેશ નીતિ અને સંચાર બાબતો કેન્દ્ર સરકારને સોંપી, જ્યારે આંતરિક શાસનમાં તેમને મર્યાદિત સ્વાયત્તતા મળી. આ વ્યવસ્થા

રાજાઓ માટે સ્વીકાર્ય બની અને વિલીનીકરણ શાંતિપૂર્ણ રીતે શક્ય બન્યું. પટેલની આ કાનૂની વ્યૂહરચનાએ સંઘીય વ્યવસ્થાનો મજબૂત આધાર રચ્યો.

3. રાજાઓ સાથે સંવાદ અને વાટાઘાટોની રીત :

સરદાર પટેલે રજવાડાઓના રાજાઓ સાથે સીધી અને ખુલ્લી વાતચીતનો માર્ગ અપનાવ્યો. તેઓ રાજાઓને ભાવનાત્મક ભાષા કરતાં તર્ક અને રાષ્ટ્રીય હિતના આધાર પર સમજાવતા. ભારત સાથે જોડાવાથી મળનારા સુરક્ષા, આર્થિક સ્થિરતા અને લોકશાહી ફાયદાઓ તેમણે સ્પષ્ટ રીતે રજૂ કર્યા. સાથે જ, તેમણે રાજાઓને આ ભાન કરાવ્યું કે સ્વતંત્ર રહેવું અવ્યવહારુ અને જોખમી છે. પટેલની સ્પષ્ટતા, આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વના પ્રભાવથી મોટાભાગના રાજાઓ સ્વેચ્છાએ ભારત સાથે જોડાવા તૈયાર થયા.

3. દબાણ, સમજૂતી અને દૃઢતા નો સંતુલન :

સરદાર પટેલની વ્યૂહરચના માત્ર સમજૂતી પર આધારિત નહોતી. જ્યાં જરૂર હતી ત્યાં તેમણે દબાણ અને કડક વલણ અપનાવ્યું. રાજાઓને ખાનગી સંપત્તિ, પેન્શન (પ્રિવી પર્સ) અને સન્માન જાળવી રાખવાની ખાતરી આપીને સમજૂતી કરવામાં આવી, પરંતુ રાષ્ટ્રીય હિત સામે કોઈ છૂટછાટ ન આપી. હૈદરાબાદ અને જુનાગઢ જેવા કેસોમાં જ્યારે વાટાઘાટો નિષ્ફળ ગઈ, ત્યારે દૃઢ કાર્યવાહી કરવામાં આવી. આ સંતુલિત અભિગમ પટેલની સફળ વ્યૂહરચનાનો મુખ્ય આધાર બન્યો.

4. વી.પી. મેનન સાથે સંકલન :

સરદાર પટેલના વિલીનીકરણના પ્રયાસોમાં વી.પી. મેનનની ભૂમિકા અત્યંત મહત્વની હતી. મેનન વહીવટી અને કાનૂની બાબતોમાં નિષ્ણાત હતા અને તેમણે વિલીનીકરણ માટે જરૂરી દસ્તાવેજો, યોજના અને વ્યૂહાત્મક નકશા તૈયાર કર્યા. સરદાર પટેલ અને મેનન વચ્ચે ઉત્તમ સંકલન હતું. સરદાર પટેલ રાજકીય નેતૃત્વ આપતા, જ્યારે મેનન વ્યવહારુ અમલ સંભાળતા. આ જોડીની સંયુક્ત મહેનતથી વિલીનીકરણ ઝડપથી અને અસરકારક રીતે પૂર્ણ થયું. આ સંકલન ભારતના રાષ્ટ્રનિર્માણમાં એક સફળ મોડેલ સાબિત થયું.

5. રાષ્ટ્રીય હિતને સર્વોપરી માનવાની દૃષ્ટિ :

SHABDBRAHM

સરદાર પટેલની સમગ્ર વ્યૂહરચનાનો આધાર રાષ્ટ્રીય હિત હતો. તેમણે કોઈપણ વ્યક્તિ, રાજવંશ કે પ્રદેશને રાષ્ટ્રથી ઉપર માન્યો નહીં. તેમની દૃષ્ટિ સ્પષ્ટ હતી કે મજબૂત, એકતાબદ્ધ અને સુરક્ષિત ભારત વિના સ્વતંત્રતાનો અર્થ અધૂરો છે. તેથી તેમણે કઠિન અને અલોકપ્રિય નિર્ણયો લેવા પણ સંકોચ કર્યો નહીં. રાષ્ટ્રીય હિતને સર્વોપરી માનવાની આ દૃષ્ટિએ ભારતને વિખંડનથી બચાવ્યું અને એક મજબૂત સંઘીય રાષ્ટ્રની સ્થાપના કરી. આ દૃષ્ટિકોણ આજના ભારત માટે પણ માર્ગદર્શક છે.

મુખ્ય રજવાડાઓનું વિલીનીકરણ :

1. જુનાગઢનું વિલીનીકરણ :

• જુનાગઢ સૌરાષ્ટ્રમાં આવેલું રાજ્ય હતું, જ્યાં હિન્દુ વસ્તી બહુમતીમાં હતી, પરંતુ રાજ્યનો નવાબ મુસ્લિમ હતો. ભારતના વિભાજન પછી નવાબ મહાબત ખાનજીએ જનઇચ્છાને અવગણીને જુનાગઢને પાકિસ્તાન સાથે જોડવાનો નિર્ણય કર્યો. જુનાગઢનું પાકિસ્તાન સાથે કોઈ ભૌગોલિક જોડાણ ન હોવા છતાં લેવાયેલો આ નિર્ણય ભારતની અખંડતા માટે ખતરનાક હતો.

• સરદાર વલ્લભભાઈ પટેલે આ મુદ્દાને ગંભીરતાથી લીધો. જુનાગઢમાં અશાંતિ ફેલાઈ અને લોકો ભારત સાથે જોડાવાની માંગ કરવા લાગ્યા. નવાબ પાકિસ્તાન ભાગી ગયો અને રાજ્યની વ્યવસ્થા ખોરવાઈ ગઈ. ત્યારબાદ ભારત સરકારે જુનાગઢમાં અસ્થાયી વહીવટ સ્થાપી અને લોકમતસંગ્રહ (પ્લેબિસાઈટ) યોજ્યો.

• લોકમતસંગ્રહમાં બહુમતી લોકોએ ભારત સાથે જોડાવાનું સમર્થન આપ્યું. પરિણામે ૧૯૪૮માં જુનાગઢ શાંતિપૂર્ણ રીતે ભારતનો અવિભાજ્ય ભાગ બન્યું. સરદાર પટેલની કૂટનીતિ, દૃઢતા અને લોકશાહી અભિગમના કારણે જુનાગઢનું વિલય સરળતાથી શક્ય બન્યું. આ વિલયે ભારતની ભૌગોલિક અને રાજકીય એકતા મજબૂત કરી.

2. હૈદરાબાદનું વિલીનીકરણ:

• હૈદરાબાદ ભારતના મધ્યમાં આવેલું વિશાળ અને સમૃદ્ધ રાજ્ય હતું. અહીં મુસ્લિમ નિઝામ શાસન કરતો હતો, જ્યારે બહુમતી પ્રજા હિન્દુ હતી. સ્વતંત્રતા બાદ નિઝામે ભારત સાથે જોડાવાનો

ઇનકાર કર્યો અને સ્વતંત્ર રાજ્ય બનવાની ઇચ્છા વ્યક્ત કરી. આ પરિસ્થિતિ ભારતની આંતરિક સુરક્ષા માટે ગંભીર જોખમ બની.

- હૈદરાબાદમાં રઝાકારો નામની સશસ્ત્ર ટોળકીઓ હિંસા ફેલાવતી હતી, જેના કારણે સામાન્ય જનતાનું જીવન અસુરક્ષિત બન્યું. સરદાર પટેલે નિઝામને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નિષ્ફળ રહ્યા. અંતે ભારત સરકારે સૈન્ય કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો.
- સપ્ટેમ્બર ૧૯૪૮માં "ઓપરેશન પોલો" નામની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવી. માત્ર પાંચ દિવસમાં નિઝામનું શાસન સમાપ્ત થયું. હૈદરાબાદ શાંતિપૂર્વક ભારત સાથે જોડાયું.
- હૈદરાબાદનું વિલય સરદાર પટેલની દૃઢ ઇચ્છાશક્તિ અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ વિલયથી ભારતની ભૂમિખંડની અખંડતા જાળવાઈ અને કેન્દ્ર સરકારનો અધિકાર મજબૂત બન્યો.

3. કાશ્મીરનું ભારત સાથે જોડાણ:

- કાશ્મીર એક મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક રાજ્ય હતું. અહીં મુસ્લિમ બહુમતી હતી, પરંતુ શાસક મહારાજા હરિસિંહ હિન્દુ હતા. સ્વતંત્રતા સમયે મહારાજાએ ભારત કે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય મુલતવી રાખ્યો. આ અનિશ્ચિતતાનો લાભ લઈને પાકિસ્તાન પ્રેરિત કબિલાઈ લૂંટારુઓ કાશ્મીરમાં ધૂસ્યા.
- પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ. રાજ્યની સુરક્ષા ખતરામાં આવી. ત્યારે મહારાજા હરિસિંહે ભારત સરકાર પાસે સહાય માગી. ભારતે શરત રાખી કે કાશ્મીર ભારત સાથે જોડાય. મહારાજાએ વીલયપત્ર પર સહી કર્યા બાદ ભારતે તરત જ સૈન્ય મોકલ્યું.
- સરદાર પટેલ અને નેહરુના માર્ગદર્શન હેઠળ ભારતીય સેનાએ આક્રમણકારોને રોક્યા અને કાશ્મીરના મોટા ભાગને બચાવ્યો. જો સમયસર પગલાં ન લેવાયા હોત, તો કાશ્મીર પાકિસ્તાનના કબજામાં જઈ શક્યું હોત.
- કાશ્મીરનું વિલય ભારતની સુરક્ષા, અખંડતા અને સંપ્રભુતાને જાળવવામાં મહત્વપૂર્ણ સાબિત થયું. સરદાર પટેલની દ્રષ્ટિ અને દૃઢતા કાશ્મીર પ્રશ્નમાં નિર્ણાયક રહી.

SHABDBRAHM

4. રજવાડાંઓને સ્ટેટ યુનિયન બનાવવું:

ઘણાં નાના રાજવાડાઓને તરત જોડવાનું શક્ય ન હતું. તેથી સરદાર પટેલે સૌરાષ્ટ્ર યુનિયન, મદ્રાસના નાના રજવાડાંઓનું સંગઠન, રાજસ્થાનનું એકીકરણ, બોમ્બે રાજ્યનું પુનર્ગઠન, મધ્યભારત અને પાટિયાળાનો સંગઠન આથી કેન્દ્રનો વહીવટ સરળ બન્યો.

5. સૌરાષ્ટ્રના દેશી રાજ્યોનું વિલીનીકરણ :

- ભારતને ૧૯૪૭ માં સ્વતંત્રતા મળ્યા પછી સૌરાષ્ટ્ર વિસ્તારમાં આશરે ૨૨૨ જેટલા નાના-મોટા દેશી રાજ્યો હતા. આ રાજ્યો અલગ-અલગ શાસકો હેઠળ હોવાથી વહીવટ, કાયદો-વ્યવસ્થા અને વિકાસમાં ઘણી અસમંજસતા હતી. રાષ્ટ્રીય એકતા અને લોકશાહી સ્થાપના માટે આ રાજ્યોનું વિલીનીકરણ જરૂરી બન્યું.
- સરદાર વલ્લભભાઈ પટેલ અને વી. પી. મેનનની આગેવાની હેઠળ દેશી રજીઓબે ભારત સંઘમાં જોડવાની પ્રક્રિયા શરૂ થઈ. રાજાઓને સમજાવટ,વાટાઘાટો અને જનઆંદોલનના દબાણ દ્વારા ભારત સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. પ્રજામંડળ આંદોલનો દ્વારા લોકોએ લોકશાહી શાસનની માંગ ઉઠાવી.
- ૧૯૪૮ માં સૌરાષ્ટ્રના દેશી રાજ્યોને ભેગા કરીને સૌરાષ્ટ્ર સંઘ(યુનાઈટેડ સ્ટેટ ઑફ સૌરાષ્ટ્ર) રચાયો. આથી વહીવટી એકરૂપતા આવી અને વિકાસના કામો સરળ બન્યા. પછી ૧૯૫૬ ના રાજ્ય પુનર્ગઠન અધિનિયમ મુજબ સૌરાષ્ટ્ર બોમ્બે રાજ્યમાં જોડાયું અને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના સાથે સૌરાષ્ટ્ર ગુજરાતનો ભાગ બન્યું.

અસરો :

1. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા મજબૂત બની:

ભારતના વિલીનીકરણથી દેશની ભૂગોળીય અને રાજકીય એકતા સ્થાપિત થઈ. 562 જેટલા દેશી રજવાડાઓ એક સંઘીય માળખામાં જોડાતા ભારત વિખંડનના ખતરા પરથી બહાર આવ્યું. જો વિલીનીકરણ ન થયું હોત, તો ભારત નાના-નાના સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાઈ જતું. વિલીનીકરણથી

SHABDBRAHM

ભારત એક અખંડ અને એકતાબદ્ધ રાષ્ટ્ર તરીકે ઊભર્યું, જે આજે તેની આંતરરાષ્ટ્રીય ઓળખ અને સ્થિરતાનો આધાર છે.

2. રાજકીય સ્થિરતા અને મજબૂત કેન્દ્ર સરકાર :

વિલીનીકરણના પરિણામે ભારતમાં મજબૂત કેન્દ્ર સરકારની સ્થાપના થઈ. વિખુટા રજવાડાંઓને કારણે સર્જાતી રાજકીય અસ્થિરતા દૂર થઈ અને સમગ્ર દેશમાં સમાન શાસન વ્યવસ્થા અમલમાં આવી. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સત્તાનો સ્પષ્ટ વહેંચાણ શક્ય બન્યું, જે સંઘીય વ્યવસ્થાનું મુખ્ય લક્ષણ છે. આ સ્થિરતાએ લોકશાહી સંસ્થાઓને વિકસિત થવા અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું.

3. પ્રશાસનિક અને કાનૂની એકીકરણ :

વિલીનીકરણ પછી સમગ્ર દેશમાં એકસરખું પ્રશાસનિક અને કાનૂની માળખું ઊભું થયું. અલગ-અલગ રજવાડાંઓના જુદા કાયદા, કરપ્રણાલીઓ અને વહીવટી નિયમોને એકરૂપ કરવામાં આવ્યા. આ પ્રક્રિયાએ સરકારના કાર્યને સરળ બનાવ્યું અને નાગરિકોને સમાન અધિકારો પ્રાપ્ત થયા. ન્યાયિક અને વહીવટી સુસંગતતાથી રાષ્ટ્રનિર્માણમાં ઝડપ આવી.

4. રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થઈ :

હૈદરાબાદ, જુનાગઢ અને કાશ્મીર જેવા સંવેદનશીલ વિસ્તારોના વિલીનીકરણથી ભારતની આંતરિક અને બાહ્ય સુરક્ષા મજબૂત બની. વિલીનીકરણ પહેલાં આ વિસ્તારો વિદેશી હસ્તક્ષેપ અને આંતરિક અશાંતિ માટે સંવેદનશીલ હતા. વિલીનીકરણ પછી ભારત પોતાની સીમાઓ પર નિયંત્રણ સ્થાપિત કરી શક્યું, જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાનું માળખું વધુ મજબૂત બન્યું.

5. લોકશાહી અને જનસત્તાનો વિસ્તાર :

રજવાડાઓમાં રાજાશાહી શાસનના સ્થાને લોકશાહી વ્યવસ્થાનો અમલ થયો. નાગરિકોને મતાધિકાર, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાન કાનૂની અધિકારો મળ્યા. લોકશાહી સંસ્થાઓની સ્થાપનાથી લોકો શાસન પ્રક્રિયામાં ભાગ લેવા લાગ્યા, જેના કારણે રાજકીય જાગૃતિ અને સામાજિક પરિવર્તન આવ્યું.

SHABDBRAHM

6. આર્થિક એકીકરણ અને વિકાસને વેગ :

વિલીનીકરણથી દેશભરમાં એકીકૃત બજારનું નિર્માણ થયું. અલગ-અલગ કરપ્રણાલીઓ અને આર્થિક અવરોધો દૂર થતાં વેપાર અને ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું. કેન્દ્રિય આયોજન અને સંયુક્ત વિકાસ નીતિઓ અમલમાં આવી, જેના પરિણામે દેશના પછાત વિસ્તારોના વિકાસ માટે માર્ગ ખુલ્યો.

7. સામાજિક સમાનતા અને આધુનિકીકરણ :

વિલીનીકરણ બાદ સામાજિક સુધારાઓ અમલમાં આવ્યા. રાજાશાહી અધિકારો સમાપ્ત થયા અને સમાન નાગરિકત્વની ભાવના વિકસિત થઈ. શિક્ષણ, આરોગ્ય અને સામાજિક કલ્યાણ યોજનાઓનો વિસ્તાર થયો, જેના કારણે સામાજિક સમાનતા અને આધુનિક વિચારસરણીને પ્રોત્સાહન મળ્યું.

8. ભારતની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં વધારો :

એક અખંડ અને સ્થિર રાષ્ટ્ર તરીકે ભારત વૈશ્વિક મંચ પર ઓળખાયું. વિલીનીકરણની સફળ પ્રક્રિયાએ ભારતની રાજકીય ક્ષમતા અને નેતૃત્વને દર્શાવ્યું. પરિણામે ભારત દક્ષિણ એશિયામાં મહત્વપૂર્ણ શક્તિ તરીકે ઉભર્યું.

**તારણો** :

ભારતના વિલીનીકરણની પ્રક્રિયા વિશ્વ ઇતિહાસની સૌથી સફળ રાજકીય એકીકરણની ઘટનાઓમાંનું એક છે. સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વના કારણે ભારત નાના-નાના રાજ્યોમાં વહેંચાઈ જવાનું ટાળ્યું. જો તેઓ ન હોત તો ભારત એક અસ્થિર,વિચલિત અને કદાચ અસંગત રાજ્યોનું સમૂહ બની જાત.

સરદાર પટેલે માત્ર વિલીનીકરણ જ નહીં કર્યું,પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય માટે મજબૂત વહીવટી પાયો નાખ્યો. તેથી તેમને યોગ્ય રીતે "આધુનિક ભારતના શિલ્પી", "લોહપુરુષ" અને "રાષ્ટ્ર નિર્માણના આર્કિટેક્ટ" તરીકે ઓળખવામાં આવે છે.

**સંદર્ભસૂચિ**

1. V.P. Menon – The Story of the Integration of the Indian States
2. Rajmohan Gandhi – Patel: A Life
3. K.M. Munshi – Pilgrimage to Freedom
4. Ramachandra Guha – India After Gandhi
5. Ministry of Home Affairs – Historical Records
6. આધુનિક રાષ્ટ્રના નિર્માતા સરદાર પટેલ -હેમંતભાઈ પ્ર. યાજ્ઞિક
7. વિવિધ ગુજરાતી ગ્રંથો
8. સ્મરણ સરદારનું- પ્રવીણ ક.લહેરી
9. સરદાર સાચો માણસ,સાચી વાત – ઉર્વીશ કોઠારી
10. સૌરાષ્ટ્રનો ઇતિહાસ- જાની એસ. વી

SHABDBRAHM